અગરિયાની ૦૫ આદર્શ નિવાસી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ માટેની ગણવેશ સહાયમાં વધારો કરવા બાબત

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૧/૪૯૬૯૯૪/ન.બા.૧૯/અ.૧**

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ૧૨/૦૪/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: અનશ-૧૦૨૦૧૭-૬૫૬૬૩૫/ન.બા-૧૩/અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૫/૨૦૧૮નો સુધારા ઠરાવ ક્રમાંક: અનશ-૧૦૨૦૧૭-૬૫૬૬૩૮-ન.બા-૧૩/અ.૧

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૩૧/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક-આનિશા-SEBC- ગણવેશ/ન.બા./૨૦૨૧-૨૨/૮૨-૮૩

**આમુખઃ-**

રાજય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના શૈક્ષણિક વિકાસ માટે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે જુદા જુદા દરે શિષ્યવૃત્તિ આપવાની વિવિધ યોજનાઓ અમલમાં છે. રાજ્યમાં મીઠાના વ્યવસાય કરનાર કામદાર મજૂરોની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેમના બાળકો ધોરણ-૮ પછીનો અભ્યાસ ચાલુ રાખી શકતા નથી. જેના કારણે આ વિદ્યાર્થીઓના કારકિર્દી ઉપર અવરોધ ન થાય અને આ બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ સારૂ શિક્ષણ મેળવીને પોતાની શૈક્ષણિક કારકિર્દીનું ઘડતર કરી શકે તે હેતુથી હાલમાં રાજ્યમાં ધો.૯ થી ૧૨ સુધીના અભ્યાસક્રમવાળી કુલ ૩૩ આદર્શ નિવાસી શાળાઓ પૈકી અગરિયા જાતિની ૦૫ આદર્શ નિવાસી શાળાઓ હાલમાં કાર્યરત છે. જેમાં વંચાણે લીધા ક્રમાંક: (૧) પરના તા.૦૬/૦૪/૨૦૧૮ના ઠરાવથી અગરિયાની ૦૫ આદર્શ નિવાસી શાળાઓમાં ધો.૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા ત્રણ જોડી ગણવેશ માટે

વાર્ષિક રૂ.૬૦૦/- સહાય આપવામાં આવે છે. વંચાણે લીધા ક્રમાંક: (૨) પરના તા.૦૧/૦૫/૨૦૧૮ના સુધારા ઠરાવથી ઉક્ત સહાય DBT મારફતે આપવાની રહેશે તેમ ઠરાવેલ છે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના પત્રથી ધો.૯ થી ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ માટેની ગણવેશ સહાયમાં વધારો કરવા માટે દરખાસ્ત કરેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:-</u>**

પુખ્ત વિચારણાના અંતે અગરિયા જાતિની ૦૫ આદર્શ નિવાસી શાળાઓના ધો.૯ થી ૧૨માં ભણતા વિદ્યાર્થીઓને ત્રણ જોડી માટે અપાતી ગણવેશ સહાયમાં રૂ.૩૦૦/-નો વધારો કરી રૂ.૯૦૦/- કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઉક્ત મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે:

**<u>શરતો:-</u>**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં મંજૂર થયેલ નવી બાબત/ રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે મંજૂર કરવામાં આવેલ હોઇ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ યોજનાને CM Dash Board સાથે લિંક કરવાની રહેશે.

(૧૦) સોશિયો ઇકોનોમિક ઇમ્પેક્ટ ઇવેલ્યુએશન/ એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૧) યોજનામાં લાભાર્થીને આપવામાં આવતાં લાભ માટે DBT પદ્ધતિ અનુસરવાની રહેશે.

(૧૨) ગણવેશ સહાયના સુધારેલા ધોરણો નવા શૈક્ષણિક સત્રથી જ લાગુ થશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક નં.-૯૨, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ કલ્યાણ અને લઘુમતી કલ્યાણ, પેટા મુખ્ય સદર: 03 પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર: (૧૫) ઓબીસી-૬ સરકારી છાત્રાલયો અને નિવાસી શાળાઓમાં નિવાસી સવલતો કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૧/૦૪/૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી, (બજેટ, કોમ્પ્યુટર શાખા), સા.ન્યા. અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ.